# ૬થી ૧૪ વર્ષના બાળકો માટેનો મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો

અંતે છ દાયકા પછી ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર કાયદાની રૂએ મળ્યો. જો કે આ મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો ૨૦૦૯ વિવાદાસ્પદ પણ છે. કાયદાની ઉણપો અને મર્યાદાઓ તેમજ ૦ થી ૬ વર્ષના અને ૧૪ થી ૧૮ વર્ષની વયજુથના બાળકોની અવગણના થઈ છે. આમ છતાં આ કાયદો ઘણી બધી બાબતોમાં ૬થી ૧૪ વર્ષના બાળકોના શિક્ષણ માટે અત્યંત ઉપયોગી છે.

આ મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો – ૨૦૦૯ અંગે તથા તેના અનુંસંધાનમાં કેન્દ્ર સરકારે બનાવેલ મોડેલ રુલ્સ એન્ડ રેગ્યુલેશનના મુદૃાઓની અહિંયા વાત કરવાનો ઉપક્રમ રાખ્યો છે. આ કાયદાનો અમલ ૧ એપ્રીલ ૨૦૧૦થી થશે.

આ કાયદાના અમલ સાથે જ જો કોઈ રાજયોએ પોતાને ત્યાં આ પ્રકારનો કાયદો બનાવેલ હશે તો તે રદ થયેલો ગણાશે એટલે કે ગુજરાતમાં ૧૯૬૧માં મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો અસ્તિત્વમાં આવેલ તે હવે ગુજરાત સરકારે નોટીફીકેશન બહાર પાડી રદ કરવો પડશે.

મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો ૨૦૦૯ સમગ્ર દેશમાં (જમ્મુ કાશ્મીર સિવાય) લાગુ પડે છે.

આ કાયદામાં પ્રાથમિક શિક્ષણની વ્યાખ્યા કરતા જણાવ્યુ છે, કે ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ તેમાં આવરી લેવામાં આવશે. કાયદામાં શાળા એટલે કોઈ પણ સરકારી શાળા, ગ્રાંટથી ચાલતી શાળા, સરકારી આર્થિક સહાય વિના ચાલતી શાળા, નવોદય વિધાલય, કેન્દ્રીય વિધાલય, સૈનિક શાળા અથવા એવી શાળા કે જે કાયદામાં જણાવેલ શાળા માટેના ધારા ધોરણ મુજબ સરકાર ચલાવતી હોય.

દરેક બાળકને ૬ થી ૧૪ વર્ષની વયજુથ દરમ્યાન મફત અને ફરજિયાત શિક્ષણ પોતે જયાં રહેતાં હોય તેની નજીકની શાળામાં મેળવવાનો અધિકાર છે.

પોતાનું પ્રાથમિક શિક્ષણ મેળવવામાં બાધારૂપ નિવડે તેવી કોઈ પણ પ્રકારની ફી, ચાર્જ કે ખર્ચ અંગે બાળકોને જવાબદાર ગણવાના નથી. જેથી મફત અને ફરજિયાત શિક્ષણનો હેતુ સિધ્ધ થઈ શકે.

૬ વર્ષની ઉંમર થઈ ગઈ હોય અને જે બાળકોએ પ્રાથમિક શિક્ષણ પુરૂ કર્યુ નથી અથવા વચ્ચેથી શાળા છોડી દીધી હોય અથવા કયારેય શાળાએ ગયા જ નથી તેઓને તેમની ઉંમર ને ધ્યાનમાં રાખી જે તે યોગ્ય ધોરણમાં દાખલ કરવાનો રહેશે. આ માટે તેવા બાળકો માટે ખાસ તાલીમ પણ ગોઠવવાની રહેશે, જેથી અન્ય બાળકોની તુલનામાં તે પાછળ ન રહી જાય, આ માટે પ્રાથમિક શિક્ષણ પુરૂ કરે ત્યાં સુધી તેને મફત શિક્ષણ પુરૂ પાડવાનું રહેશ, અને તેવા સંજોગોમાં ચૌદ વર્ષ પુરા થઈ ગયા હોય તો પણ પ્રાથમિક શિક્ષણ પુરૂ પાડવાનુ રહેશે.

જો શાળામાં ધોરણ ૧ થી ૮ સુધીની શિક્ષણની વ્યવસ્થા ના હોય તો બાળકને અન્ય શાળામાં જઈને પ્રાથમિક શિક્ષણ પુરૂ કરવા મળે તે માટે ટ્રાન્સફર મેળવવા માંગે તો તે કરી આપવાની જવાબદારી રહેશે. આ ઉપરાંત બાળકો કોઈ પણ કારણસર એક થી બીજી શાળામાં, રાજયમાં અથવા રાજય બહાર જવા ઈચ્છતો હોય તો તેવા સંજોગોમાં તેને ટ્રાન્સફર આપવાની જવાબદારી જેતે શાળાની રહેશે.

## સરકાર, સ્થાનિક સતા મંડળ અને માતા–પિતાની ફરજો

આ કાયદાની જોગવાઈઓના પાલન માટે જેતે સરકાર જયાં પ્રયાપ્ત વ્યવસ્થાઓ નથી ત્યાં કાયદામાં કરેલ પાડોશી શાળાની વ્યાખ્યા પ્રમાણે કાયદાના અમલથી ત્રણ વર્ષમાં વ્યવસ્થાઓ પુરી પાડવાની જવાબદારી નિભાવશે.

આ માટે કેન્દ્ર અને રાજય સરકાર એક મેકની સાથે રહી જરૂરી ફંડ પુરૂ પાડશે. આ માટે કેન્દ્ર સરકાર સ્થાઈ અને અસ્થાઈ ખર્ચમાં અંદાજો તૈયાર કરશે. આ ઉપરાત કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિને વિનંતી કરી નાણાં કમિશન પાસે વિશેષ જોગવાઈ કરે તે માટે પણ આયોજન કરશે.

આ કાયદાના અમલ માટે કેન્દ્ર સરકાર નેશનલ કરીકયુલમ ફ્રેમ વર્ક નિષ્ણાંતોની મદદથી તૈયાર કરશે. શિક્ષકોની તાલિમ માટેનાં ધારા ધોરણ નકકી કરી તેનો અમલ કરાવશે. રાજય સરકાર નવા પ્રયોગો, સંશોધનો અને ક્ષમતા વર્ધન માટે આયોજનો કરશે તે અંગે કેન્દ્ર સરકાર ટેકનીકલ સહાય અને સંસાધનો પુરા પાડશે.

દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ પુરૂ પાડવાના સંદર્ભમાં કાયદામાં જણાવ્યા મુજબ જો બાળક સરકારી અથવા સરકારની સહાય વડે ચાલતી શાળામાં દાખલ થશે તો જ તે પુરૂ પાડવામાં આવશે. અન્યથા ખાનગી ખાસ કરીને જયાં સરકારની સહાય આપવામાં આવતી નથી (સેલ્ફ ફાયનાન્સ) ત્યાં જો તે બાળક દાખલ થાય તો તેને માટે સરકાર કોઈ પણ પ્રકારનું વળતર કે રકમ માત પિતા કે વાલીને ચુકવશે નહી.

ફરજિયાત શિક્ષણનો અર્થ એ છેકે જે તે સરકાર, સતામંડળ દરેક ૬ થી ૧૪ વર્ષની વયજુથના બાળકને મફત શિક્ષણ પુરૂ પાડશે. આ માટે ખાત્રી કરશે કે દરેક બાળક શાળામાં પ્રવેશ મેળવે, નિયમીત હાજરી હોય અને પ્રાથમિક શિક્ષણ પુરૂ કરે આ ઉપરાંત બાળકને નજીકની શાળામાં પ્રવેશ મળે તેની ખાત્રી કરશે, અને ગુણવતાવાળુ શિક્ષણ નિયમ અને ધારા ધોરણ મુજબ મળે.

એ પણ ખાત્રી કરશે કે કોઈ પણ બાળક જે નબળા અથવા પછાત વર્ગમાંથી આવે છે કે પછી વિકલાંગ હોય તો તેને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના પ્રાથમિક શિક્ષણ પુરૂ પાડવામાં આવે.

આ માટે જરૂરી ભૌતિક સાધન સગવડ, મકાન, શિક્ષકગણ, શૈક્ષણિક સામગ્રી પુરી પાડવામાં આવશે, આ ઉપરાંત સમયસર અભ્યાસક્રમ અને અભ્યાસની સામગ્રી પુરી પાડવામાં આવશે તથા શિક્ષકોને તાલિમની સગવડ આપવામાં આવશે.

સ્થંળાતરીત કુટુંબોના બાળકોના શાળા પ્રવેશની ખાત્રી કરવામાં આવશે.

પોતાના કાર્યક્ષેત્રમાં ચાલતી શાળાઓના સંચાલન અંગે મોનિટરીંગ કરાશે.

શૈક્ષણિક કેલેન્ડરનો નિર્ણય કરશે.

ઉપર જણાવેલ મદૃાઓ અંગે સ્થાનિક સતા મંડળો એટલે કે જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા વિ. બાળકને મફત અને ફરજીયાત શિક્ષણ મળી રહે તેની ખાત્રી કરશે, અને જવાબદારી નિભાવશે.

## શાળા અને શિક્ષકોની જવાબદારી :–

દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મળે તે માટેની ફરજ નિભાવશે.

શાળાઓ ખાસ કરીને નવોદય શાળા અથવા સ્વનિર્ભર શાળાઓમાં (ગ્રાંટ / સરકારી સહાય લેતી નથી) ધો.૧ માં ઓછામાં ઓછા ૨૫% નબળા અને પછાત વર્ગના પડોશી વિસ્તારના બાળકોને પ્રવેશ આપી મફત અને ફરજિયાત શિક્ષણ ધો.૮ સુધી આપવાનું રહેશે.

આ ઉપરાંત ઉપરોકત શાળાઓમાં જો પૂર્વ પ્રાથમિક શિક્ષણ હોય તો ત્યાં પણ ઉપર મુજબ બાળકોને પ્રવેશ આપવાનો રહેશે.

આ માટે આ શાળાઓને બાળકદીઠ રાજય જે ખર્ચ કરે છે તે મુજબ અથવા બાળક પાસેથી જે માટેની ફી લેવાય છે તે પ્રમાણે, બે માંથી જે ઓછું હશે તે મુજબ સરકાર આ શાળાઓને ખર્ચની રકમ પરત આપશે. ઉપરાંત એમ પણ જોગવાઈ છે કે જે શાળાઓને તેમના બિલ્ડીંગ માટે, જમીન માટે અથવા અન્ય કોઈ સાધન સહાયરૂપે સરકાર તરફથી મદદ મળેલ હશે તો તેવા સંજોગોમાં આ રકમ મજરે મળશે નહીં.

આ માટે દરેક શાળાઓએ સરકારને આ માહિતી પૂરી પાડવાની રહેશે.

કોઈ પણ શાળા કે વ્યકિત બાળકને પ્રવેશ આપે ત્યારે કોઈપણ પ્રકારે ડોનેશન / કેપીટેશન ફી વગેરે લઈ શકશે નહીં કે કોઈપણ બાળક કે તેના માતા – પિતા, વાલીના ઈન્ટરવ્યુ કરી શકાશે નહીં.

**<u>જો આવું કરે તો તેને સજા રૂપે :–</u>**

– ડોનેશન કે કેપીટેશન ફીના કિસ્સામાં સજારૂપે જે ડોનેશન લીધું હોય તેની ૧૦ ગણી રકમ દંડરૂપે ભરપાઈ કરવી પડશે.

– જો બાળક કે માતા પિતા–વાલીના ઈન્ટરવ્યુ કરવામાં આવે તો પ્રથમવાર માટે રૂા. ૨૫,૦૦૦ અને ત્યાર પછી દરેક ઈન્ટરવ્યુ કે પંસદગી કરવાની પ્રકિયા બદલ રૂા. ૫૦,૦૦૦ સુધીનો દંડ થશે.

પ્રવેશ માટે બાળકની ઉંમર જન્મતારીખનો દાખલાનો આધારે નક્કી કરવામાં આવશે. ઉપરાંત જો બાળક પાસે જન્મનો દાખલો કે આધાર ન હોય તો તેવા સંજોગોમાં બાળકના પ્રવેશને અવરોધી શકાશે નહીં.

બાળકને શાળામાં પ્રવેશ દરેક શૈક્ષણિક સત્રની શરૂઆતમાં મળશે અથવા નિયત કરેલ વધારાના સમયગાળામાં પ્રવેશ મળી શકશે એટલે કે બાળકને પ્રવેશથી વંચિત રાખી શકાશે નહીં. આ ઉપરાંત નિયત કરેલ વધારાના સમયગાળા પછી પણ બાળકને પ્રવેશ આપી શકાય, તેના માટે યોગ્ય સત્તામંડળ દ્વારા નક્કી કરેલ પધ્ધતિ મુજબ અભ્યાસ કરાવી લેવામાં આવશે.

બાળકનો શાળામાં પ્રવેશ થઈ જાય પછી તેને કોઈપણ ધોરણમાં પાછો મોકલવો કે શાળામાંથી કાઢી મૂકી શકાશે નહીં એટલે કે ધો. ૧ થી ૮ સુધી પરીક્ષા લેવામાં આવશે નહીં.

કોઈપણ બાળકને શારીરિક સજા કે માનસિક યાતના આપી શકાશે નહીં, જરૂરી અનિર્વાય સંજોગો ઉભા થાય તો શિસ્ત માટેના નિયમો મુજબ કાર્યવાહિ કરવાની રહશે.

સરકાર અથવા સ્થાનિક સત્તા મંડળ દ્વારા પોતાની શાળા, અથવા નિયંત્રણ હેઠળની શાળાઓ સિવાયની કોઈપણ શાળા આ કાયદાના અમલ શરૂ થયા પછી માન્યતા પ્રાપ્ત કર્યા વગર શરૂ નહીં કરી શકાય કે કાર્ય નહીં કરી શકે. આ ઉપરાંત નિયત કરેલા ધારા–ધોરણ માપદંડ વિ. જો પૂર્ણ નહીં થતા હોય તો તેને માન્યતા મળશે નહીં.

સક્ષમ સત્તા મંડળ માન્ય શાળાની માન્યતા રદ કરે તેવા સંજોગોમાં સક્ષમ સત્તા મંડળ હુકમ કરીને તેવી શાળામાંથી બાળકોને નજીકની માન્ય શાળામાં દાખલ કરાવી શકશે. જો કે આવું કરતાં પહેલાં જે તે શાળાને સાંભળવવામાં આવશે.

જો કોઈ શાળા કે કોઈ વ્યકિત આ પ્રકારે માન્યતા વગરની શાળા ચલાવે અથવા જેની માન્યતા રદ થઈ છે તે શાળા ચાલુ રાખે તો રૂા. ૧ લાખનો દંડ થશે અથવા આવી શાળા જેટલા દિવસ ચાલુ રહી હોય તે મુજબ પ્રતિદિન રૂા. ૧૦,૦૦૦ લેખે દંડ ભરવાનો થશે.

કાયદાનો અમલ શરૂ થયો તે તારીખ પહેલાં જે શાળા આ કાયદામાં ઠરાવેલ ધારા–ધોરણો / માપદંડ મુજબ ન હોય તો તેને તે પૂર્ણ કરવા માટે ૩ વર્ષની અવધિ આપવામાં આવશે, અને આ સમયગાળામાં એ ખૂટતા ધારા–ધોરણ પૂર્ણ ન કરી શકે અથવા નિષ્ફળ જાય તો તેની માન્યતા રદ થશે અને તેમ છતાં જો ચાલુ રાખે તો ઉપર મુજબના દંડને પાત્ર ગણાશે.

શાળા માટેના ધારા–ધોરણમાં સુધારા–વધારા કરવા માટેની સત્તા કેન્દ્ર સરકારની રહેશે.

એવી શાળાઓ જે સરકારી છે, ગ્રાંટ ઈન એઈડ કે સરકારી સહાય મેળવે છે તેવી શાળાઓમાં સ્કુલ મેનેજમેન્ટ કમિટિની રચના કરવાની રહેશે. ( સ્વનિર્ભર શાળાને લાગુ પડતું નથી ) આ કમિટિમાં ૩/૪ સભ્યો માતા – પિતા અથવા વાલી હશે, અને એમાં પણ પ્રમાણ મુજબ નબળા અને પછાત વર્ગના બાળકોના વાલીઓને ૨૫% સભ્યપદ મળશ. આ ઉપરાંત આ કમિટિમાં ૫૦% સભ્યો મહિલાઓ હશે.

**<u>આ સ્કુલ મેનેજમેન્ટ કમિટિનું કાર્ય :–</u>**

- શાળાના કાર્યની દેખરેખ રાખવી.
- શાળા વિકાસનું આયોજન તૈયાર કરવું અને તે માટેની ભલામણો કરવી.
- શાળાને મળતી કોઈપણ આર્થિક સહાય – ગ્રાંટ વિ. ના વપરાશનું મોનીટરીંગ કરવું.
- નિયત કરેલ અન્ય કાર્ય કરવું.

નિયત કરેલ ધારા–ધોરણ મુજબ સ્કુલ મેનેજમેન્ટ કમિટિ શાળા વિકાસનું આયોજન (School Development Plan) તૈયાર કરશે.

સ્કુલ મેનેજમેન્ટ કમિટિએ બનાવેલ પ્લાનના આધારેસક્ષમ સત્તા મંડળ દ્વારા શાળાને મળતી આર્થિક સહાય / ગ્રાંટ અને આયોજન કરશે.

શૈક્ષણિક સત્તા મંડળે ' શિક્ષક ' તરીકેની નિમણૂંક માટની ઓછામાં ઓછી લાયકાત નકકી કરશે અને તે ધરાવનાર વ્યકિતને જ શિક્ષક તરીકે નિમણૂંક મળશે.

જયાં જે રાજયમાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો માટે પૂરતી સંખ્યાઓ / સગવડો ના હોય અથવા પૂરતી લાયકાત ધરાવતા શિક્ષકો ના હોય ત્યાં જો જરૂર જણાશે તો કેન્દ્ર સરકાર નોટીફીકેશન દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂંક માટે ૫ વર્ષથી વધે નહીં તે રીતે છૂટછાટ આપશે.

શિક્ષકોના પગાર અને ભથ્થા તથા સેવાઓ માટે નિયત કરેલ ધારા – ધોરણો મુજબ જે તે રાજય સરકાર વ્યવસ્થા ઉભી કરશે.

જે શિક્ષકની નિમણૂંક થાય તેઓએ ....

- શાળામાં ફરજ બજાવવામાં નિયમિતતા અને સમયપાલનનું ધ્યાન રાખવાનું છે.
- નિયત કરેલ અભ્યાસક્રમ નિયત સમયમર્યાદામાં ભણાવવાનો તથા પૂરો કરવાનો રહેશે.
- બાળકની ક્ષમતાઓને ચકાસી જરૂરત મુજબ પૂરક શિક્ષણ પૂરૂ પાડશે.

- માતા – પિતા અને વાલી સાથે નિયમિત મીટીંગ યોજી બાળકની નિયમિતતા, હાજરી, શીખવાની ક્ષમતા વિ. બાબતોની ચર્ચા કરશે. બાળક અંગેની અન્ય જરૂરી માહિતી પૂરી પાડવાની રહેશે.
- નિયત કર્યા મુજબની અન્ય ફરજો બજાવશે.

જો શિક્ષક પોતાની કામગીરી બજાવવામાં નિષ્ફળ જાય, બેદરકારી દાખવશે તો સેવાઓ માટે નિયત કરેલ નિયમો મુજબ શિસ્ત ભંગ અંગેના પગલાંઓ લેવામાં આવશે, આ માટે શિક્ષકને સાંભળવાની યોગ્ય તક આપવામાં આવશે.

આ કાયદાના અમલીકરણની શરૂઆત થાય તે તારીખથી ૬ મહિનાની અંદર નિયત કરેલ ધારા – ધોરણો મુજબ શિક્ષક દિઠ વિદ્યાર્થીઓનો રેશિયો જળવાય તેની ખાત્રી કરવામાં આવશે.

વિદ્યાર્થી – શિક્ષકનો રેશિયો જળવાય રહે તે માટે શાળામાં જે શિક્ષકની નિમણૂંક થઈ હોય ત્યાંથી તેને અન્ય શાળામાં ખસેડાશે નહીં અથવા શિક્ષણ સિવાયના કાર્યો સોપવામાં આવશે નહીં.

સક્ષમ સત્તા મંડળ એવું પણ ધ્યાન રાખશે કે પોતાના હસ્તકની સરકારી ગ્રાંટ ઈન એઈડ , નિમંત્રણ હેઠળની કોઈપણ શાળામાં એનું ધ્યાન રાખશે કે કોઈપણ શાળામાં ૧૦% થી વધુ શિક્ષકોની જગ્યા ખાલી ન રહે.

વસ્તી ગણતરી, કુદરતી હોનારતો અને ચૂંટણી કાર્યને બાદ કરતાં અન્ય કોઈપણ બિનશૈક્ષણિક કાર્યમાં શિક્ષકોને ફરજ આપવામાં આવશે નહીં.

કોઈપણ શિક્ષક પોતાની રીતે ખાનગી ટયુશન કે ખાનગી રીતે શિક્ષણ આપવાની પ્રવૃતિમાં જોડાઈ શકશે નહીં.

પ્રાથમિક શિક્ષણ માટેનો અભ્યાસક્રમ અને મૂલ્યાંકનની પ્રક્રિયા શૈક્ષણિક સત્તા મંડળ દ્વારા તૈયાર કરવામાં આવશે.

- આ માટે બંધારણમાં વ્યકત થયેલ મૂલ્યોનું જતન કરાશે.
- બાળકનો સર્વાંગી વિકાસ.
- બાળકના જ્ઞાન, કૌશલ્યો અને ક્ષમતાઓનું નિર્માણ અને વૃધ્ધિ
- શારીરીક અને માનસિક ક્ષમતાઓનો સંપૂર્ણ વિકાસ
- શીખવવાની પ્રક્રિયા પ્રવૃતિ, અનુભવ અને શોધખોળ અને કુતુહલ પ્રવૃતિને ઉતેજન આપશે અને તે બાળકેન્દ્રી અને મૈત્રીપૂર્ણ હશે.
- શિક્ષણનું માધ્યમ, શકય હશે ત્યાં માતૃભાષામાં હશે.
- બાળક પોતાના અભિપ્રાય મુકત પણે, કોઈપણ બીક કે ડર વગર રજૂ કરે તેવા વાતાવરણનું નિર્માણ
- બાળકના મૂલ્યાંકન માટે સર્વાંગી અને સાતત્યપૂર્ણ પ્રક્રિયાને અનુસરવામાં આવશે જેથી તેના જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતાઓને ઓળખી શકાય.

કોઈપણ બાળકને તે પ્રાથમિક (ધો. ૧ થી ૮) નું શિક્ષણ પૂરું ન કરે ત્યાં સુધી કોઈપણ બોર્ડની પરીક્ષા પાસ કરવાની જરૂર નથી.

પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી દરેક બાળકને નિયત કરેલ રીતે અને ફોર્મ મુજબ પ્રમાણપત્ર આપવામાં આવશે.

## **બાળકના રક્ષણ અંગે :–**

બાળ અધિકાર અંગેનું રાષ્ટ્રીય કમિશન અને રાજય કમિશન ખાત્રી કરશે કે દરેક બાળકને મફત અને ફરજીયાત શિક્ષણનો કાયદો – ૨૦૦૯ મુજબ શિક્ષણનો અધિકાર મળી રહયો છે આ માટે .....

- અસરકારક અમલીકરણ માટે અધિકારના રક્ષણ માટે આ કાયદાનું પરિક્ષણ અને અને મૂલ્યાંકન કરી યોગ્ય ભલામણો કરશે.
- બાળકના શિક્ષણના અધિકાર અંગેની ફરિયાદોની તપાસ કરશે.
- આ માટે જરૂરી પગલાં ભરશે.

જે રાજયમાં બાળ અધિકાર કમિશનની રચના થવાની બાકી હોય / ન થઈ હોય ત્યાં આ કાયદાના અમલીકરણ અને મોનીટરીંગ અંગે નિયત ધારા – ધારણો સાથે સક્ષમ સત્તા મંડળ સાથેની કમિટીની રચના કરવામાં આવશે.

કોઈપણ વ્યકિતને આ કાયદા હેઠળ બાળકના અધિકાર અને કોઈપણ ફરિયાદ હોય તો તે જે તે સ્થાનિક સત્તા મંડળને લેખિતમાં ફરિયાદ કરી શકશે.

ફરિયાદ મળ્યા બાદ સંભવિત પાર્ટીઓને સાંભળીને ૩ મહિનાની અંદર ફરિયાદનું નિરાકરણ લાવવાનું કાર્ય સ્થાનિક સત્તા મંડળ કરશે.

કેન્દ્ર સરકાર નોટીફીકેશન દ્વારા પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે અનુભવી અને નિષ્ણાતોની બનેલી ૧૫ સભ્યોની રાષ્ટ્રીય સલાહકાર સમિતિની રચના કરશે.

આ જ પ્રકારે રાજય સરકાર પણ રાજય સ્તરની સલાહકાર સમિતિની રચના કરશે.

આ સમિતિ કેન્દ્ર / રાજય સરકારને કાયદાના અમલીકરણ અંગે યોગ્ય સલાહસૂચન અને ભલામણો કરતી રહેશે.

## **શાળા માટેના ધારા ધોરણો**

### **(૧) શિક્ષકોની સંખ્યા –**

### **ધોરણ ૧ થી ૫ માટે**

| | | |
|---|---|---|
| ૬૦ બાળકો સુધી | ૨ શિક્ષક | ૧:૩૦ |
| ૬૧ થી ૯૦ બાળકો સુધી | ૩ શિક્ષક | ૧:૩૦ |
| ૯૧ થી ૧૨૦ બાળકો સુધી | ૪ શિક્ષક | ૧:૩૦ |
| ૧૨૧ થી ૨૦૦ બાળકો સુધી | ૫ શિક્ષક | ૧:૩૦ |
| ૧૫૦ થી વધારે | ૫ શિક્ષક, ૧ આચાર્ય | ૧:૩૦ |

૨૦૦થી વધારે    વિદ્યાર્થી/શિક્ષકનો રેશિયો ૧:૪૦ થી વધવો જોઈએ નહીં (આચાર્યને બાદ કરીને)

**ધોરણ ૬ થી ૮ માટે**

દરેક વર્ગ માટે ૧ શિક્ષક હોય કે જેથી ઓછામાં ઓછા ૧ શિક્ષક નીચેના વિષય માટે મળે

– વિજ્ઞાન / ગણિત

– સામાજિક વિજ્ઞાન

– ભાષા

દર ૩૫ વિધાર્થીએ ૧ શિક્ષક

જયાં ૧૦૦ થી વધારે હોય ત્યાં

| | |
|---|---|
| ફુલ ટાઈમ | આચાર્ય |
| પાર્ટ ટાઈમ | – આર્ટ ટીચર |
| | – પી.ટી. ટીચર |
| | – કાર્ય શિક્ષણ શિક્ષક |

**(૨) મકાન –**

દરેક ઋતુમાં ઉપયોગ કરી શકાય તેવું મકાન હોય જેમાં

– ઓછામાં ઓછુ દરેક શિક્ષક દિઠ એક વર્ગ

– આચાર્યની ઓફિસકમ સ્ટોરનો રૂમ

– અવરોધ વગર સૌની પહોંચ થાય તેવુ હોવુ જોઈએ. ( વિકલાંગ બાળકો વિ. ને ધ્યાનમાં લઈ )

– છોકરાઓ / છોકરીઓ માટે અલગ ટોઈલેટની વ્યવસ્થા

– સ્વચ્છ સલામત અને પુરતુ પીવાનું પાણી.

– મધ્યાહન ભોજન માટે રાંધી શકાય તેવુ રસોડું.

– રમતનું મેદાન

– શાળાના મકાનનાં રક્ષણ માટે કમ્પાઉન્ડવોલ અથવા ફેન્સીગ.

**(૩) શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછા કામના કુલ દિવસો/ કલાકો**

– ધોરણ ૧ થી ૫ માટે ૨૦૦ કામના દિવસો

– ધોરણ ૬ થી ૮ માટે ૨૨૦ કામના દિવસો

– ધોરણ ૧ થી ૫ માટે ૮૦૦ કામના કલાકો દરેક શૈક્ષણિક વર્ષમાં

– ધોરણ ૬ થી ૮ માટે ૧૦૦૦ કામના કલાકો દરેક શૈક્ષણિક વર્ષમાં

**(૪)** અઠવાડીયામાં ઓછામાં ઓછા ૪૫ શૈક્ષણિક કલાકો પૂર્વ તૈયારી સાથે શિક્ષકને કામ કરવાનું રહેશે.

**(૫)** શૈક્ષણિક સાધન સામગ્રી દરેક વર્ગ પ્રમાણે આપવામાં આવશે.

**(૬)** દરેક શાળામાં પુસ્તકાલય હશે જેમાં સમાચાર પત્રો, મેગેઝીનો, બધાજ વિષયના પુસ્તકો તથા વાર્તાના પુસ્તકો હશે.

**(૭)** દરેક શાળાને દરેક વર્ગની જરૂરીયાત મુજબ રમત ગમતના સાધનો આપવામાં આવશે.

ભાવાર્થ :– શૈશવ સંસ્થા, ભાવનગર ફોન નં. (૦૨૭૮)૨૪૨૮૫૬૦

નોંધ :– મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો – ૨૦૦૯નો સંક્ષિપ્ત ભાવાર્થ – રેફરન્સ માટે કેન્દ્ર સરકારે ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ કાયદાના અંગ્રેજી ભાગનો આધાર લેવો.